50th Annual Convocation Ceremony

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૮   અંક : ૪-૬   ૧૩-૧-૨૦૦૮   સળંગ અંક : ૨૦૪-૨૦૬

સંપાદકો

**પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી**


## कुलाधिपति
## पंडित नवल किशोर शर्मा : जीवन परिचय



पंडित नवल किशोर शर्मा का जन्म राजस्थान के दौसा कस्बे में ५ जुलाई, १९२५ को हुआ। आपकी प्रारंभिक शिक्षा दौसा में, महाविद्यालयी जयपुर में और कानून की शिक्षा आगरा में हुई। आपने छात्र जीवन से ही राजनीति में सक्रिय रुचि लेना शुरू कर दिया और शीध्र ही स्वतंत्रता आन्दोलन से जुड़ गए। व्यवसाय से वकील पंडित शर्मा १९५१ से १९५४ तक दौसा नगर पालिका के अध्यक्ष, १९५१ से १९५९ तक जयपुर जिला बोर्ड के सदस्य तथा १९६१ से १९६५ तक दौसा पंचायत समिति के प्रधान रहे। अप्रैल १९६८ में जयपुर राज-परिवार के महाराज कुमार पृथ्वी सिंह को दौसा क्षेत्र से लोकसभा के उप चुनाव में पराजित कर पहली बार संसद में पहुँचे। १९७१ के मध्यावधि चुनाव में फिर इसी क्षेत्र से चुने गए। इस चुनाव में उन्होंने हीरालाल सोमानी, जो बाद में फिक्की के अध्यक्ष चुने गए, को हराया। इसी दौरान शर्मा अखिल भारतीय कांग्रेस कमेटी के संयुक्त मंत्री, कांग्रेस कार्यसमिति के सदस्य तथा कांग्रेस के मुख पत्र सोशलिस्ट भारत (हिन्दी) और सोशलिस्ट इंडिया (अंग्रेजी) के सम्पादक मनोनीत किए गए। आप संसद की राष्ट्रीय उपक्रम समिति तथा कंपनी कानूनों

(continue...on Page 2)

## SHRI P.K. LAHERI, IAS
## BRIEF RESUME



Mr. P.K. Laheri, a Member of Indian Administrative Service (IAS) graduated from Bombay University in 1965 with Political Science, Sociology and comparative studies in constitutions. He was awarded Sir Charles Fulton Prize for his top rank in Legal Studies. He graduated in Law from Bombay in 1967. Mr. Laheri began his career with Finance and Accounts Division of Indian Railways in 1967. Selected to IAS in 1969 and allotted to Gujarat, he has been working in various senior positions in the State. He was awarded Postgraduate Degree – M.Sc (Eco.) in 1985 from University of Wales, Centre for Development Studies at Swansea.

Mr. Laheri worked in Departments of Cottage Industries, Information, Education, Social Welfare, Textile, and Health & Water Supply. He initiated Special Credit Scheme under which more than 2,00,000 small artisans are financed successfully by the banks. He has been associated with vocational education and technical & entrepreneurship training in Gujarat.

On his deputation to Government of India, in the Ministry of Textile Mr. Laheri worked as Executive Director, National Institute of Fashion Technology. It was mainly at his initiative the birth of National Institute of Fashion Technology took place in Gandhinagar.

Mr. Laheri continuously interacts and works as Guest Faculty with IIM, AMA, Sardar Patel

(continue...on Page 2)

की संयुक्त प्रवर समिति के अध्यक्ष भी रहे। १९७७ के लोकसभा चुनाव में शर्मा दौसा क्षेत्र से पराजित हो गए लेकिन तीन वर्ष के अंतराल के बाद ही जनवरी १९८०में इसी क्षेत्र से पुनः निर्वाचित होकर लोकसभा में पहुंच गए। इसके बाद नेफेड के अध्यक्ष निर्वाचित हुए। नवम्बर १९८४ में राजीव गांधी मंत्रीमंडल में वित्त राज्यमंत्री तथा दिसम्बर १९८४ में लोकसभा के नए चुनाव में जयपुर क्षेत्र से निर्वाचित होने के बाद स्वतंत्र प्रभार के पेट्रोलियम राज्यमंत्री बने। १९८२ से १९८५ तक आप राजस्थान प्रदेश कांग्रेस (इ) कमेटी के अध्यक्ष तथा दो बार अलग-अलग अवधियों के लिए अखिल भारती कांग्रेस कमेटी के महामंत्री व कार्यसमिति के सदस्य रहे। श्री शर्मा राजस्थान में श्रमिक संघों के राजस्थान के अग्रणी नेता रहे तथा इंटक के भी अध्यक्ष रहे। १९९४ में केन्द्रीय सरकार ने श्री शर्मा को खादी ग्रामोद्योग आयोग का अध्यक्ष मनोनीत किया, जहाँ १९९६ में आपने लोकसभा चुनाव से पूर्व त्यागपत्र दिया। पंडित नवल किशोर शर्मा को उनकी गांधीवादी विचारों और रचनात्मक कार्यों के लिए महात्मा गांधी काशी विद्यापीठ विश्वविद्यालय वाराणसी द्वारा डी. लिट्. की मानद् उपाधि देकर सम्मानित किया गया। इसी वर्ष आप अलवर क्षेत्र से फिर सांसद निर्वाचित हुए। श्री शर्मा को राजस्थान की स्वर्ण जयंती समारोह समिति का कैबिनेट मंत्री के दर्जे के साथ अध्यक्ष बनाया गया। श्री शर्मा ने स्वर्ण जयंती समारोह के तहत राजस्थान इतिहास के स्वतंत्रता आन्दोलन तथा उसमें भाग लेने वाले स्वतंत्रता सेनानियों एवं उससे संबंधित सामग्री एवं राजस्थान के गौरव के नाम से राजस्थान के सभी क्षेत्रों में उत्कृष्ट योगदान करने वाले लोगों की जीवन पर पुस्तकों का प्रकाशन किया, जो राजस्थान की एक धरोहर बन गई हैं। आपने राजस्थान में पहली बार राजस्थान के सभी भारत व उसके बाहर रहने वाले प्रवासियों का एक सम्मेलन कर इन सभी सपूतों को राजस्थान से भावनात्मक रूप से जोड़ने का सफल प्रयास किया। इसके अलावा राज्य में अनेक राष्ट्रीय एवं राज्य स्तरीय खेल प्रतियोगिताओं का आयोजन करवाया। उसके पश्चात् खुद विधानसभा और लोकसभा चुनाव नहीं लड़ने का फैसला किया। श्री शर्मा को वर्ष २००३ में फिर से अखिल भारतीय कांग्रेस कमेटी का तीसरी बार महामंत्री मनोनीत किया गया और २००४ में कांग्रेस कार्यसमिति के सदस्य मनोनीत किए गए। संप्रति आप गुजरात राज्य के राज्यपाल के रूप में कार्यरत हैं।

Institute of Public Administration, Sardar Patel Institute of Social & Economic Research, Rural Technology Institute, and Centre for Entrepreneurship Development. He also represents the State Government on a number of Joint Sector Undertakings. He has extensively traveled in Europe, Japan, South East Asia, & U.S.A. UNIDO had engaged Mr. Laheri as an International Consultant for its study on Industrial Development in Egypt. He has prepared various Reports and Studies pertaining to Industrial Development and Employment in Gujarat.

Mr. Laheri had the unique opportunity of serving five Chief Ministers of the State as their Principal Secretary.

Before elevating to the post of Chief Secretary on 1st May 2003, the highest post in State Bureaucracy, he had worked in the Rural Development Department as its Principal Secretary.

As Chief Secretary to the Govt. of Gujarat, he was overall in charge of Administrative Machinery and looking after the Governance as well as Developmental aspects of the State. In addition, he is outstandingly successful in his role of leadership as chairman of large Industrial Units and Corporate Sector giants PSUs like Gujarat NarmadaValley Fertiliser Co., Bharuch, Gujarat State Fertiliser Co., Gujarat Alkalies & Chemicals Ltd., Vadodara, Gujarat State Investments Ltd., and Sardar Sarovar Narmada Nigam Ltd.

After retirement from the Indian Administrative Service (IAS), Shri Laheri is entrusted the task of completing the Sardar Sarovar Project and devlopment of canals and command area in Gujarat. He is appointed as Chairman & Managing Director of Sardar Sarovar Narmada Nigam Ltd.

# Editorial

## The Future Education

Once I read a short story 'Rip Van Winkle' wherein an idle man known by the name 'Rip Van Winkle' lived in the catskill Mountains. Once he fell asleep in a remote grassy knoll and awoke after twenty years. When he returned home, he was greatly confused and bewildered by the changes. The same thing can happen to somebody who migrated to America long back and on returning home was equally shocked to see a rough copy of his own America. People have changed. Their lifestyle, their thinking, their behaviour, their attitude... It seemed to him that they tried to copy everything from western countries. But the soul was missing. The very 'spirit' of America is absent.

When I look at the changed scenario, I get bewildered too. When I talk about Shakespeare's 'Hamlet' & 'Macbeth' or mention the names of Pannalal Patel & Dhumketu, nobody understands. These names are alien to present students. Long ago they have stopped reading. They only watch and listen. Some of them read 'Hanuman Chalisa' and 'Ganesh Stuti'. They speak 'Hinglish' and send fragments of language as 'sms'. They discuss at length about the prices and various packages of mobiles and spend Rs. 200/- for a movie : Rs. 100/- for a movie ticket and rest for cold drink and snacks. They don't think much and never come to any conclusion but they are well-informed. They all look more or less the same and it is difficult to differentiate one from another. They know everything that is happening currently due to the impact of media. They understand less but there is a growing sense of 'information anxiety'. Sophisticated online search engines give them specific details but they are unable to co-ordinate and present things appropriately. Technological aspect of today's learning should have encouraged independent thinking. But that hasn't happened. One has to admit that this 'Information Revolution' era has not contributed any significant change in the education field of which we can boast.

We talk about change and our 'Rip' from America can notice the change everywhere except in the colleges. Still we teach in the same manner and students are nothing but memory machines. They memorise and reproduce the same stuff in examinations.

Therefore, it is high time that we do something worthwhile to improve the situation. We need to come out with an education system where the teacher will no longer disseminate information in the form of lectures and textbooks. Rather, the teacher will be a guide, an interpreter, who can make students understand things better by putting them into relevant context. Similarly, the students' role will change from a memoriser of facts and principles to that of a researcher, a problem-solver, and a strategist. The "Keep your eye on your own paper" concept of learning will be replaced by learning commumities. The new kind of learner will as an have organising ability as well analytical mind. One will be good at communication and smooth at interpersonal relations.

Content will have to chagne too. Traditionally, we organise content into disciplines like Arts, Science and so on. We further divide these disciplines into smaller contents. Each to be mastered by the learner in a prescribed curriculum of various courses. In future education, we will have to abandon this compartmentalised mentality. Learners will find out the inter-connectedness of these compartments and will come out with new thinking and redefining of concepts. Digital learning tools will promote multidisciplinary thinking and an appreciation for multiple perspectives, while solving authentic, real-world problems. Big-concept thinking, systematic analysis and model building will replace the less useful memorisation of disconnected facts. Unlike the end-of-chapter problems students solve in today's text books, future learners will engage in problems that are context-dependent, complicated and in diverse guises.

**– Sonalde Desai**

## Teaching & Research

### વ્યક્તિગત ભૂમિકા :

➤ અનુસ્નાતક **હિન્દી વિભાગ**ના પ્રાધ્યાપક **ડૉ. મદન મોહન શર્મા** એ યુ.જી.સી. સ્કીમ હેઠળ વિઝિટિંગ ફેલો તરીકે તારીખ ૧૮મી ઓક્ટોબરથી તારીખ ૨૫મી ઓક્ટોબર ૨૦૦૭ દરમ્યાન, એક અઠવાડિયા માટે ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર ખાતે સેવાઓ આપી હતી. ત્યાં તેઓએ બંગાળી સાહિત્યનું અધ્યાપન કાર્ય કર્યું હતું.

આ જ વિભાગના બે પ્રાધ્યાપકો **ડૉ. નવનીત ચૌહાણ અને ડૉ. મદન મોહન શર્મા**એ તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૭ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા ખાતે પ્રાદેશિક સેમીનારમાં ભાગ લઈ અનુક્રમે અધ્યક્ષીય પ્રવચન અને શોધપત્રની રજૂઆત કરી હતી. સેમીનાર આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદીના સર્જન વિશે યોજાયો હતો.

➤ તાજેતરમાં મેડિસીન ફેકલ્ટીના સર્જરીના **પ્રો. ડૉ. વી.ડી. પટેલ**નું, 'જનરલ પ્રેક્ટીસ મેન્યુઅલ' પુસ્તકનું સરદાર પટેલ યુનિવર્સિટીના તત્કાલીન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. શિરીષ શ્રીવાસ્તવના વરદ હસ્તે વિમોચન થયું હતું. મેડિસીન વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને આ પુસ્તક અત્યંત ઉપયોગી નીવડશે એમ પ્રો. વી.ડી. પટેલે જણાવ્યું હતું.

➤ **નલિની અરવિંદ ઍન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ**ના પ્રાધ્યાપક **ડૉ. જગન્નાથ** રચિત કાવ્યસંગ્રહ 'સમય કે સમર મેં'નું લોકાર્પણ :

'સમકાલીન હિન્દી સાહિત્ય : વિવિધ પરિપ્રેક્ષ્ય' દ્વિ-દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીના બીજા દિવસ - તા. ૨૫-૧૧-૦૭ ના રોજ હિન્દી વિભાગના કવિ, આલોચક અને પ્રાધ્યાપક ડૉ. જગન્નાથ પંડિતના તાજેતરમાં પ્રકાશિત થયેલા 'સમય કે સમર મેં' કાવ્ય સંગ્રહનું વિમોચન પ્રસિદ્ધ માર્ક્સવાદી સમીક્ષક પ્રો. શિવકુમાર મિશ્ર દ્વારા કરવામાં આવ્યું.

➤ અનુસ્નાતક **બિઝનેશ સ્ટડીઝ**ના **એમ.કોમ. ફાઇનલના વિદ્યાર્થી શ્રી સુનિલ ત્રિવેદી**એ નડિયાદની શ્રી સી.બી. પટેલ આર્ટ્સ કોલેજમાં ઇન્ટર યુનિવર્સિટી સેમિનારમાં ઉત્તમ દેખાવ કરી પ્રથમ સ્થાન મેળવેલ છે. આ જ વિભાગના **શ્રી ચિરાયુ વી. પટેલ** તથા **કુ. શ્રદ્ધા એ. રાજે** પણ ભાગ લીધેલ હતો. વિભાગે તમામને અભિનંદન પાઠવ્યા છે. આ સ્પર્ધામાં ચાર યુનિવર્સિટીના ૧૨૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

### સંસ્થાકીય ભૂમિકા :

➤ અનુસ્નાતક **રાજ્યશાસ્ત્ર વિભાગ**માં તાજેતરમાં 'ગુજરાતના રાજકારણમાં સાંપ્રત પ્રવાહો' વિષયે પ્રો. આનંદ માવલંકર, અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાનું વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પ્રો. હરબન્સ પટેલ - જાણીતા રાજ્યશાસ્ત્રી અને સાહિત્યકાર હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. રંજના ધોળકીયાએ અને આભારવિધિ પ્રા. હિતેશ પટેલે કરેલ.

➤ તા. ૧૨ ઓક્ટોબર ૨૦૦૭ના રોજ અનુસ્નાતક **રસાયણશાસ્ત્ર વિભાગ**માં ચાલતી કેમીકલ સોસાયટીની પ્રવૃત્તિઓનો શુભારંભ વિધિનો સમારોહ એમ.બી.એ. ડીપાર્ટમેન્ટનાં સભાખંડમાં યોજાયો હતો. આ સમારંભનું અધ્યક્ષસ્થાન સરદાર પટેલ યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ કુલપતિ અને ડાયરેક્ટર ઑફ સીકાર્ટ, ડૉ. વી. એસ. પટેલે સંભાળ્યું હતું.

મુખ્ય મહેમાન તરીકે બીરાજેલ ભાવનગર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એચ.સી. ત્રિવેદી તથા વિશેષ મહેમાન ડૉ. એન. કે. પટેલ અને અન્ય મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય દ્વારા ઉદ્‌ઘાટન કર્યું હતું.

ડૉ. એચ.સી. ત્રિવેદી જેઓ હાલમાં ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ છે અને ડૉ. એન. કે. પટેલ કે જેઓ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ છે, તથા આ રસાયણશાસ્ત્ર વિભાગનાં સભ્ય હોઇ તેમણે મેળવેલ ઉચ્ચપદ બદલ રસાયણશાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડૉ. જે. એસ. પરમારના હસ્તે શાલ ઓઢાડીને સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમની આભારવિધિ વિદ્યાર્થી પ્રતિનિધિ વરૂણ પટેલે કરી હતી. આ સમારંભનું સંચાલન વિભાગના રીડર ડૉ. એન.જે. પરમારે કર્યું હતું.

➤ અનુસ્નાતક **ગુજરાતી વિભાગ**માં તાજેતરમાં ગુજરાતી સાહિત્યનો પરિસંવાદ યોજાઇ ગયો. અનુસ્નાતક ગુજરાતી વિભાગના પૂર્વ છાત્રોનું આ મિલનપર્વ હતું. અનુસ્નાતક ગુજરાતી વિભાગ અને યુનિવર્સિટીનું ઋણ સ્વીકારી આ પરિસંવાદમાં સંખ્યાબંધ પૂર્વ છાત્રો હાજર રહ્યા હતા.

પરિસંવાદનું ઉદ્‌ઘાટન સેવાનિવૃત્ત થયેલા વિભાગના પૂર્વ વિદ્યાર્થી એવા સૌથી વરિષ્ઠ અધ્યાપકો અને આચાર્યોએ દીપ પ્રાગટ્ય કરીને કર્યું હતું. વિભાગના અધ્યક્ષ ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે આવકાર આપ્યો હતો. ડૉ. નરેશભાઇ વેદે પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી.

પ્રસ્તુત પરિસંવાદમાં સૌપ્રથમ નવલકથા વિષયક નિબંધો રજૂ કરાયા. જેમાં ડૉ. શીલા વ્યાસે 'નવલકથામાં વસ્તુરચના', ડૉ. અજય રાવલે 'નવલકથામાં સમય સંદર્ભ અને સમયસંકલ્પના', પ્રા. વિમલેશ ખમારે 'ગુજરાતી નવલકથામાં રામચરિત્ર', પ્રા. હરિભાઇ એલ વાળાએ 'ગુજરાતી હાસ્યરસની નવલકથાઓ', ડૉ. સુભાષ મોરીએ 'મફત ઓઝાની જાનપદી નવલકથાઓ' જેવા નિબંધોનો સમાવેશ થાય છે. ત્યારબાદ ગુજરાતી લઘુનવલો વિષયક નિબંધો રજૂ થયા. જેમાં પ્રા. વર્ષાબેન મોરીએ 'ધીરુબહેન પટેલની લઘુનવલો', પ્રા. કે.સી. પટેલે, 'રઘુવીર ચૌધરીની લઘુનવલો' જેવા નિબંધો વાંચ્યા. ટૂંકીવાર્તા વિષયક નિબંધોમાં, પ્રા. પલ્લવી ઠાકરે 'ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓનું વિશ્લેષણ', પ્રા. હિતેશ મોદીએ 'વિનેશ અંતાણીની વાર્તાઓ' જેવા નિબંધો રજૂ કર્યા. પ્રા. ગણપત સોઢા પરમારે 'લઘુકથાનું સ્વરૂપ' નિબંધ રજૂ કર્યો. નિબંધ વિષયક લેખોમાં પ્રા. અજય ચૌહાણે અમૃતલાલ વેગડના નર્મદા પરિક્રમાના નિબંધો-એક અધ્યયન તથા પ્રા. ઉર્વશી દવેએ 'જ્યોતિન્દ્ર દવેના હાસ્યરસના નિબંધો' જેવા નિબંધો રજૂ કર્યા. ડૉ. મોહિની આચાર્યએ, 'સુંદરમ્‌ની કવિતામાં અધ્યાત્મ' નામનો નિબંધ રજૂ કર્યો. પ્રેમાનંદકૃત 'નળાખ્યાનનાં કલ્પન અને પ્રતીક' પ્રા. શર્મિષ્ઠા પટેલ તથા 'મધ્યકાલીન સાહિત્યમાં બત્રીસપૂતડીની કથા' જેવા વિષયો પરના નિબંધો વંચાયા. સર્જકોના સમગ્રલક્ષી મૂલ્યાંકનવાળા નિબંધોમાં

ડૉ. જયંતિ માલાસણાનો 'યશોધર મહેતાનું સાહિત્ય' તથા પ્રા. ઉત્પલ પટેલનો 'લિટરરી લીટલ માસ્ટર : દિગીશ મહેતા' નિબંધોની રજૂઆત થઇ.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **નલિની-અરવિંદ ઍન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ અને યુ.જી.સી.**ના સંયુક્ત ઉપક્રમે દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ 'સમકાલીન હિન્દી સાહિત્ય : વિવિધ પરિપ્રેક્ષ્ય' તા. ૨૪-૨૫ નવેમ્બરના રોજ યોજાઈ ગયો. ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખ પ્રિ. આર. પી. પટેલે (માનાર્હ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર) અધ્યક્ષીય વકતવ્યમાં સમકાલીન હિન્દી સાહિત્યઃ વિવિધ પરિપ્રેક્ષ્યની પ્રાસંગિકતાની ચર્ચા કરતાં પ્રતિભાગી મિત્રોને અનુરોધ કર્યો કે કાળજયી અને સમકાલીન સાહિત્યના ઔચિત્યને વૈજ્ઞાનિક ઢંગ મૂલવે. પરિસંવાદમાં અતિથિવિશેષ તરીકે યુ.જી.સી. ક્ષેત્રીય કાર્યાલય-પુનાના સહાયક સચિવ ડૉ. જી. નિવાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્તુત પરિસંવાદના સંયોજક હતા ડૉ. ભરતસિંહ ઝાલા.

બિહારથી આવેલા પ્રતિભાગી ડૉ. મધુ પ્રભાત સિંહ તથા ગુજરાતના ડૉ. જેકબ, ડૉ. મનોજ પટેલ, ડૉ. નીના શર્મા વગેરેએ સંગોષ્ઠીની સાર્થકતા પર પ્રતિભાવો વ્યકત કર્યા હતા.

➢ **બી.વી.એમ.** ખાતે આયોજીત રાજ્ય કક્ષા ટેકનીકલ સિમ્પોઝીયમ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત રાજ્યની સર્વ પ્રથમ એન્જિનિયરીંગ કોલેજ બી.વી.એમ. તેના ૬૦માં વર્ષમાં એક નવું સોપાન સર કરવા જઈ રહી છે.

બી.વી.એમ.નાં નવાં સોપાનમાં કોલેજમાં તા. ૨૦-૧૦-૦૭ના રોજ રાજ્યકક્ષાએ ISTE ચેપ્ટર, બી.વી.એમ. દ્વારા 12th ISTE કન્વેન્શન અને એક દિવસીય સિમ્પોઝીયમનું આયોજન 'શૈક્ષણિક શ્રેષ્ઠતા નવીનતા દ્વારા ટેકનિકલ ક્ષેત્રમાં' વિષય પર કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડૉ. સી.એલ. પટેલ (ચેરમેન, બી.વી.એમ.), ડૉ. એન. વી. વાસાણી (વાઈસ-ચાન્સેલર, નિરમા યુનિ.), ડૉ. બી.જી. પટેલ (વાઈસ-ચાન્સેલર, એસ.પી. યુનિ.) મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

➢ ચારતર વિદ્યામંડળ સંચાલિત **નલિની-અરવિંદ ઍન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ**માં તા. ૩૦-૯-૨૦૦૭ના રોજ ફેકલ્ટી ડેવલપમેન્ટના ઉપક્રમે 'Research Methodology & Literary Criticism' વિષય પર એક દિવસીય કાર્યશિબિર ચારુતર વિદ્યામંડળના માનાર્હ મંત્રી પ્રિ. બી.એમ. ઠાકરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ કાર્યશિબિરમાં જુદી-જુદી કોલેજમાંથી ૯૧ અધ્યાપકોએ ભાગ લીધો હતો. 'સાહિત્ય વિવેચનની પદ્ધતિઓ'ની ત્રણ બેઠકમાં ડૉ. શિવકુમાર મિશ્ર, ડૉ. મણિલાલ હ. પટેલ અને ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાએ અનુક્રમે સમાજલક્ષી, તુલનાત્મક અને મનોવિશ્લેષણાત્મક પદ્ધતિ વિશે પોતાના વકતવ્યો રજૂ કર્યા હતાં. સમાજવિદ્યા શાખાની કાર્ય શિબિરમાં સંશોધનની પદ્ધતિ વિશે ડૉ. લિખીયા, ડૉ. એન.આર. પરમાર અને ડૉ. હરબન્સ પટેલે વકતવ્યો આપ્યા હતાં. ગ્રાન્ટ મેળવવા માટે રિસર્ચ પ્રપોઝલ કેવી રીતે તૈયાર કરવી તેનું પ્રત્યક્ષ નિદર્શન કરી શિબિરાર્થીઓને રિસર્ચ પ્રપોઝલ તૈયાર કરવાની તાલીમ આપી હતી.

## ➢ 24th Sardar Patel Memorial Lecture

The Institute of Engineers (IE), Vallabh Vidyanagar local centre organized the 24th Sardar Patel Memorial Lecture on the topic 'Concepts and perceptions of technological university in the state' at **BVM Engineering College** on 23rd October 2007 in the dignified presence of Dr. C.L. Patel (Chairman, CVM), Secretaries and Joint Secretaries of CVM, Prof. N.R. Dave, Ex.Vice-Chancellor of North Gujarat University, Principals of various, colleges, Members of Institute of Engineers and students of various colleges.

Prof. N.R. Dave emphasized on quality education through experimentation, innovation and autonomy. Being the Director of Technical Education Board for more than 15 years, he envisions and shares a dream of a joint, collective syllabus, convocation, calendar, examination, entrance examination among 45 colleges of Gujarat. After an enlightening speech by Dr. N.R. Dave, Dr. C.L. Patel, Chairman of Charutar Vidya Mandal added a charm to the event by calling for a thorough dedication and contribution from the students and the staff members for the betterment of institutions and for the universities at large.

## ➢ આઈસ્ટારમાં યોજાયેલ એકદિવસીય સેમિનાર

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ્ડ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (આઈસ્ટાર)ના ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગના ઓઈલ ફેટ્સ અને વેક્સેસ સેક્શનમાં તાજેતર 'બેઝીક્સ ઈન પ્રોસેસિંગ ઓફ ઓઈલસ એન્ડ એલાઈડ પ્રોડકટસ' વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે ઉદ્યોગ જગતના અગ્રણી નિષ્ણાતો, ગોદરેજ ઈન્ડસ્ટ્રી, વાલીયાના વાઈસ પ્રેસિડેન્ટ - શ્રી કે કે લાલન, જનરલ મેનેજર (QC)- શ્રી ડી. પી. રાવ અને એકવાજેલ લિમિટેડ, ગાંધીધામના આસિસ્ટન્ટ મેનેજર - શ્રી રજનીશ ઝાઝરુકિયા ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારના પ્રથમ વકતા તરીકે શ્રી ડી. પી. રાવે નવી પ્રોસેસિંગ ટેકનોલોજી અને તેના ઉપયોગો બાયપ્રોડકટ્સનો અપગ્રેડેશન અને ઉપયોગ વિષયની સચોટ માહિતી આપી હતી. સેમિનારના બીજા વ્યાખ્યાનમાં શ્રી કે કે લાલનને આગવી શૈલીમાં 'ફેટીઆલ્કોહોલ્સ અને લેટેસ્ટ ટેકનોલોજી' વિષય પર સરફેકટન્ટ ઈન્ડસ્ટ્રીઝના મહત્વપૂર્ણ

મુદ્દાઓની છણાવટ કરી હતી. સેમિનારના ત્રીજા વકતા શ્રી રજનીશ ઝાઝરુકિયાએ અદ્યતન શૈલીમાં આધુનિક પ્રોસેસિંગ ટેક્નોલોજી ફોર સોપ વિષયની સમજ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધિ એમ.એસસી. ફાઈનલના શ્રી સોહમ પાઠકે કર્યું હતું.

➢ **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** આણંદના ઉત્તરસંડા જૂથના દ્વારા 'નેનો ટેક્નોલોજી અવકાશ વિજ્ઞાન' પર એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનાર અને વર્કશોપનું ઉદ્‌ઘાટન એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્યશ્રી ડૉ. ડી.યુ. પટેલના હસ્તે થયું હતું. તેમણે પ્રવર્તમાન સમયમાં નેનો ટેક્નોલોજીના ઉપયોગના ઉદાહરણ આપ્યા હતા અને વિદ્યાર્થીઓને આ ક્ષેત્ર પસંદ કરવા પર ભાર મૂક્યો હતો. ભારત હાઈસ્કૂલ, ઉત્તરસંડાના આચાર્યશ્રી અનિલભાઈ પટેલે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા કહ્યું કે પ્રવર્તમાન શોધો આ ટેક્નોલોજી પર વિશેષ આધાર રાખે છે તથા કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે તાલીમાર્થી ભાઈ શ્રી રશેષ કાછીયાએ નેનો ટેક્નોલોજીના ઉદભવ, ગુણધર્મો અને તેના ઉપયોગો વિશે સમજ આપી હતા. પ્રસન્નભાઈ પરીખે અવકાશ વિજ્ઞાનને લગતી ISRO દ્વારા ચંદ્રયાન ઉપગ્રહ છોડવામાં આવનાર છે તેની ૨૦ મિનીટની ફિલ્મ પ્રસ્તુત કરી હતી.

આ પ્રસંગે ઈલેક્ટ્રોનિક્સના મહત્વના ઘટકો અવરોધ, એલ. ઈ. ડી. ટ્રાન્ઝીસ્ટર, કેપેસીટર, વિવિધ પ્રકારના ડાયોડ વગેરેનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રોજીંદા જીવનમાં વિજ્ઞાન માનવીને કઈ રીતે ઉપયોગી છે. તે અંગે નાના-મોટા વિવિધ ૫૦ પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન પ્રા. ઉષાબેન શારડાએ આપ્યું હતું. કાર્યક્રમ સંચાલન ઉર્જાબેન પટેલ તથા આભારવિધિ કેશુભાઈ ચૌહાણે કરી હતી.

આ સેમિનારનો લાભ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ તથા વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોએ લઈ સેમિનાર-વર્કશોપને સફળ બનાવ્યો હતો.

➢ **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં ત્રિદિવસીય સેમિનાર/વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટેક્નોલોજીના ચહુદિશ વિકાસનો સુભગ સમન્વય શિક્ષણની પ્રક્રિયાઓમાં થાય, માત્ર યાંત્રિક ઉપયોગ જ ટેક્નોલોજી નથી તેની સ્પષ્ટતા થાય તથા નવા આયામોથી-વિકાસની કેડીથી શિક્ષકોને જાણકારી મળે તેવા આશયથી ખેડા જિલ્લાના શિક્ષકો માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ત્રણ દિવસના સેમિનારમાં ડૉ. જે.બી. પટેલ, ડૉ. નીપાબેન ભરુચા તથા કુ. અલકા મેકવાને તજ્જ્ઞ તરીકે સેવા આપી. ડૉ. ભરતભાઈ પંડ્યાએ કો. ઓર્ડીનેટર તથા તજ્જ્ઞ તરીકેની ફરજ બજાવી, જી. એચ. પટેલ કમ્પ્યુટર સેન્ટરના શ્રી પ્રશાંતભાઈએ શિક્ષકોને કમ્પ્યુટર દ્વારા પ્રાયોગિક કાર્ય કરવામાં મદદ કરી.

તજ્જ્ઞોએ પોતાનો વિવિધ વિષયોમાં કમ્પ્યુટર બેઝિક્સ, ટેક્નોલોજી આધારિત મૂલ્યાંકન, ટેક્નોલોજીની સંકલ્પના, પ્રકાર, ટેક્નોલોજીનો વાસ્તવિક શૈક્ષણિક કાર્યમાં વિનિયોગ કરવા માટે પાવર પોઈન્ટ કે વર્ડ જેવા સોફ્ટવેરનો પરિચય, ઈન્ટરનેટનો વર્ગશિક્ષણમાં ઉપયોગ, ઉપરાંત વૈચારિક રીતે ટેક્નોલોજીની વિવિધતા, પોર્ટફોલીઓ સંરચના ઈત્યાદિ વિષયો પર પ્રસ્તુતિ કરી, નાની ક્વીઝ પણ યોજવામાં આવી. પોતાના અભિપ્રાયો દરમિયાન જાણવા મળ્યું કે પ્રત્યક્ષ અનુભવ સિવાય માત્ર ટેક્નોલોજીની વાતો કરવાથી શિક્ષણકાર્યમાં પરિવર્તન લાવી શકાતું નથી.

➢ આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદ સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ**ના અર્થશાસ્ત્ર વિભાગના ઉપક્રમે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. હિંમતભાઈ પટેલનું 'અર્થશાસ્ત્ર અને જીવન' એ વિષય પર એક વ્યાખ્યાન યોજાયું હતું. ડૉ. હિંમતભાઈ પટેલે સાંપ્રત માનવ જીવનમાં અર્થશાસ્ત્રની ઉપાદેયતા સ્પષ્ટ કરી, વિદ્યાર્થીઓને આદર્શ વિદ્યાર્થી અને આદર્શ નાગરિક બનવા પર ભાર મૂકયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજુભાઈ મોઢવાડિયાએ અને આભાર દર્શન પ્રા. પ્રદીપભાઈ ગોહેલે કર્યું હતું.

➢ **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ**, આણંદ મુકામે તાજેતરમાં 'હિન્દી સાહિત્યનો વિદ્યાર્થીલક્ષી પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં હિન્દી વાઙ્‌મયના વિવિધ વિષયોને આવરી લઈને ધોબી પ્રીતલ, રાવત રાધા, ગામીત સુનિતા, ખાંટ મહેશ, ચૌધરી કલ્પના, વાઘેલા ગીતા, ગઢવી હરદીપ, ઠાકોર નરેશ અને ખાંટ હિતેશ વગેરે છાત્રોએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભૂમિકા પટેલે કર્યું હતું. કાર્યક્રમની પૂર્વભૂમિકા પ્રા. ડૉ. જ્યોતિકા પટેલે સમજાવી હતી. પ્રા. ડૉ. હમીરભાઈ મકવાણાએ આભાર દર્શન કર્યું હતું.

➢ **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ**, આણંદના હિન્દી વિભાગના ઉપક્રમે તાજેતરમાં તુલસીદાસ જયંતિ પરિસંવાદનું આયોજન થયું હતું. પરિસંવાદમાં લોકનાયક મહાકવિ તુલસીદાસના જીવન, કવન, ભક્તિનિરૂપણ વગેરેની ચર્ચા દ્વારા હિન્દી સાહિત્ય વિશ્વમાં તેમના સ્થાન અને પ્રદાનની વિગતપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી. આ પરિસંવાદનું સંચાલન પ્રા. ભૂમિકા પટેલે અને આભાર દર્શન ડૉ. હમીરભાઈ મકવાણાએ કર્યું હતું.

➢ **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ**, આણંદના હિન્દી વિભાગના ઉપક્રમે તાજેતરમાં હિન્દી દિન ઉજવાયો હતો. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગના રીડર ડૉ. મદન મોહન શર્માએ 'રાજભાષા, રાષ્ટ્રભાષા વિશે માહિતી અને વ્યવહારિક હિન્દી પ્રયોગ' વિષય પર રસપ્રદ છણાવટ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભૂમિકા પટેલે કર્યું હતું.

➢ **એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ**, આણંદના ઈતિહાસ વિભાગ દ્વારા 'ઈતિહાસ-મ્યુઝિયમ પર્વ'ની અર્ધસપ્તાહ ઉજવણી કરવામાં આવી હતી.

અર્ધસપ્તાહની ઉજવણીના પ્રથમ ચરણમાં તા. ૧૫-૧૦-૨૦૦૭ને સોમવારના રોજ ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રા. એમ. જે. પંડ્યાએ ઈતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ સાથે મ્યુઝીયમની રૂબરૂ મુલાકાત યોજી હતી. મ્યુઝીયમમાં ડૉ. અફરોઝ સુલ્તાના અને શ્રી નંદનશાસ્ત્રીએ વિદ્યાર્થીઓને મ્યુઝિયમનું મહત્વ જણાવી મ્યુઝીયમ વિશે જ્ઞાન સભર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

તા. ૧૬-૧૦-૨૦૦૭ને મંગળવારે ઈતિહાસ વિભાગ દ્વારા દ્વિતીય ચરણમાં 'મધ્યકાલીન ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં હથિયારો તથા અન્ય સંરક્ષણનાં સાધનો' વિષય પર શ્રી નંદનશાસ્ત્રીનું વ્યાખ્યાન તથા મધ્યકાલીન હથિયારો અને સંરક્ષણના વિવિધ સાધનોનું સુંદર પ્રદર્શન યોજાયું હતું.

તા. ૧૭-૧૦-૨૦૦૭ને બુધવારના રોજ તૃતીય ચરણમાં સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમના આસિસ્ટન્ટ ક્યુરેટર ડૉ. અફરોઝ સુલ્તાનાએ 'મ્યુઝિયમોમાં ભારતીય સંસ્કૃતિનો વારસો' વિષય પર જ્ઞાન સભર પ્રવચન આપી વિદ્યાર્થીઓને ઈતિહાસ પ્રતિ અભિમુખ કર્યા હતા. આ પ્રસંગે 'ભારતીય સંસ્કૃતિના અવશેષો'નું સાંસ્કૃતિક પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમનું સંચાલન રામદે આજકિયાએ કર્યું હતું. આભારવિધિ પ્રિસ્તી જયંતિભાઈએ કરી હતી.

➢ **C. Z. Patel College of Business and Management** organised a One day seminar on 'Financial Products of Banking' on 18th October, 2007. Mr. Mukesh Suthar, the Assistant Vice-President of Axis Bank, V.V. Nagar addressed the students of B.Com. (Hons), which was followed by the presenations of T.Y.B.Com. students.

The afternoon session was chaired by Dr. H.P. Trivedi, a Professor in the Departmetn of Economics, S.P. University. Ms. Asha Makhecha compered the entire seminar.

➢ **આણંદ લૉ કોલેજ**ના ઉપક્રમે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના સહયોગમાં તાજેતરમાં આણંદ હાઈસ્કૂલ આણંદ, આણંદ એજ્યુકેશન, કોલેજ, આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક તેમજ સરદાર પટેલ કોમર્સ કોલેજ બોરીયાવી ખાતે કાનુની શિબિરો અને વિદ્યાર્થીઓના અભ્યાસ લેખોની પ્રસ્તુતિનું આયોજન થયું હતું. આ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન શ્રી એમ.એલ. લાઠીયાએ શોભાવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ અભ્યાસ લેખો પ્રસ્તુત કર્યા હતા.

| વિદ્યાર્થીનું નામ | વિષય |
|---|---|
| ૧. સોની રાકેશ વસંતભાઈ | ધરપકડ |
| ૨. સોની જીગીષા | કાનુની સેવા સત્તા મંડળ |
| ૩. મિસ્ત્રી દિપ્તી ભાવેશકુમાર | ભરણ પોષણ |
| ૪. સીંગ રેખા રામનંદન | બંધારણના મૂળભુત અધિકારો |
| ૫. પટેલ ભાવિન એન. | મોટર એકસીડન્ટ ક્લેઈમ |
| ૬. લાઠિયા દર્શના મગનલાલ | સ્ત્રીઓના વારસા હક્કો |
| ૭. ચૌહાણ દિક્ષીત હરમાનભાઈ | માહિતી અધિકારોના કાયદા |
| ૮. ગોર કાર્તિકેય રર્શમનભાઈ | રેવન્યુ અધિકારી, મામલતદાર તથા કલેક્ટરની સત્તાઓ અને ફરજો |

પ્રસ્તુત કાર્યક્રમનું સંકલન એડવોકેટ શ્રી પી.એમ. દવે (વિઝીટીંગ ફેકલ્ટી) એ કર્યું હતું.

➢ **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન** ખાતે તા. ૩-૧૨-૨૦૦૭ના રોજ રાષ્ટ્રિય સેવા યોજના એકમ અંતર્ગત વ્યવસાય રોજગાર ક્ષેત્રે રોજગારલક્ષી પ્રવૃત્તિઓના પ્રણેતા અને ઝારખંડ, રાંચીના વતની શ્રી એસ. કે. ચતુર્વેદીનું 'પંચાયતોની સર્વ સામાન્ય સુવિધાઓ' વિષય પર એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ આ પ્રસંગે શ્રી ચતુર્વેદીએ સ્નાતક થયા બાદ તુરત જ રોજગાર કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તથા ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા બાળકોને ભવિષ્યમાં કઈ દિશામાં આર્થિક સભરતા બક્ષી શકાય તે અંગેની વિશેષ બાબતો અને પ્રસંગોનુ વર્ણન કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્ક** દ્વારા 'જોખમ, આપત્તિ અને વિકાસ'ના મુદ્દાઓ અંતર્ગત એક દિવસીય સેમિનારનું આયોજન તા. ૧૫-૧૦-૨૦૦૭ સોમવારના રોજ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના માનદ્ નિયામક પ્રો. એસ. આર. અગ્રવાલના નેતૃત્વ હેઠળ યોજવામાં આવેલ આ સેમિનારનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપનના વિવિધ પાસાઓથી માહિતગાર કરવાનો હતો. સાથે વિદ્યાર્થીઓમાં આ વિષયે જાગૃતિ તથા વ્યાવસાયિક અભિગમનું પ્રત્યારોપણ આ સેમિનારના ભાગરુપ હતુ. ડૉ. સ્નેહલ રાઉલે આપત્તિમાં 'જેન્ડરનો અભિગમ' વિષયમાં પોતાના મંતવ્યો રજૂ કરતા ૧૯૯૯ સાલમાં ઓરિસ્સામાં આવેલ વાવાઝોડામાં જેન્ડર આધારિત પરિસ્થિતિનો ચિતાર આપ્યો હતો. સુશ્રી જયાલક્ષ્મી મહંતીએ ઉપસ્થિત વિદ્યાર્થીગણને આપત્તિ મનોસામાજિક અને આર્થિક પરિસ્થિતિ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી નિનાદ ઝાલા એ 'યુદ્ધ-એક માનવસર્જિત આપત્તિ'ની ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. કુ. સેજલ મકવાણા તથા રીના મસિકે આપત્તિ વ્યવસ્થાપન વ્યાવસાયિકોની રોજગારીની ઉમદા તકો વિશે જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓમાં આપત્તિકાળે માનવ અધિકારનો અભિગમ કેળવાય તેથી શ્રી ચંદ્રિક રાજદીપે વિદ્યાર્થીઓને ભારપૂર્વક આગ્રહ કર્યો હતો. ગુજરાતમાં વિનાશક ભૂકંપ બાદ આવેલ આમૂલ વિકાસશીલ પરિવર્તનની આંકડાકીય માહિતી શ્રી વિક્રમ પટેલે રજૂ કરી હતી. અંતમાં સુનામી જેની આપત્તિમાં અનુભવ આધારિત માહિતી પીરસતા શ્રી સચિન પટેલે સરકારી-બિનસરકારી તંત્રોનું સંકલન અને આપત્તિ

વ્યવસ્થાપનમાં વ્યાવસાયિકોની અસરકારક કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો.

## Extention Activities

➢ Dr. S. G. Patel, **B.J.V.M. Commerce College**, visited U.S.A. during 4-11-2007 to 4-12-2007. He visited Barucha College, Long Traland University, Newyork, Wood Side Queens.

➢ **BVM Diamond Jubilee Year** Celebration Rally

Sixty year before, Shri Sardar Vallabhbhai Patel kindled a lamp of rural knowledge centre - 'Vallabh Vidyanagar' in Gujarat, and today this centre is a 'Bodhigaya' for over forty thousand young scholars studying in thirty six disciplines at Sardar Patel University. A branch shooted out from this Bodhigaya tree for engineering education as Birla Vishwakarma Mahavidyalaya (BVM Engineering College) exactly 101 year after the engineering education in India was initiated. This branch was nurtured by two true Gandhians : Er. Bhailalbhai Patel and Er. Bhikhabhai Patel, with the initial resource provided by Shri Hanshyamdasji Birla. The caring attiude of the founder Principal S.B. Jurnarkar has today ignited over 16000 young minds in engineering discipline.

In the celebration of 60th year DIAMOND JUBILEE CELEBRATION Committee (A Committee of Alumnus and BVM Staff) arranged a rally on 25th October 2007 at 9 a.m. to spread a message of Unity and Fraternity. It was a journey of 60 long successful and prosperous years. BVM has remained pulsar as well as centre of Gravity for this educational hub since decades and decades. It is a dream institute of freedom fighters and this institution has fulfilled that dream without even a single flaw.

Dr. C.L. Patel (Chairman, CVM) and Mr. D.S. Bhatt, D.S.P., Anand District flagged off the rally. More than 800 BVMites joined on this auspicious occasion. The rally started from BVM Front Gate via Vitthal Udyognagar to Bhaikaka Statue to Town Hall to Sardar Patel University to BVM Engineering College. During this process the Principal Dr. F.S. Umrigar, Er. Pradeep Patel (Convener, DJCB) and other Alumini members gave homage to all the founders of the Vallabh Vidyanagar like Gandhiji, Sardar Patel, Vitthalbhai Patel, Bhaikaka, H.M. Patel, Lal Bahadur Shastri. Er. Pradeep Patel (Convener, DJCB) emphasised on the occasion of this rally, that all the alumni of BVM have a great concern for the alma mater BVM and such kind of programs will take place round the year and he congratulated Er. Nanak Pamnani & Mr. Rajeev Gandhi (Conveners, DJCB Rally) and Mr. Ankit Thakkar, Manish Vasava and Mihir Thakkar (Student Coordinators) on the grand success of the event. He added, Lets all 16000+ BVMites come together and work together to keep BVM shining forever like the sun.

➢ **આણંદ કોમર્સ કોલેજ**માં એઈડ્સ અવેરનેસ ડે ઉજવાયો

આણંદ કોમર્સ કોલેજમાં તા. ૧૧-૧૨-૨૦૦૭નાં રોજ જાગૃત મહિલા સંગઠન, આણંદના સહયોગથી કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા એઈડ્સ એવરનેસ ડે ઉજવવામાં આવ્યો. જેમાં જાગૃત મહિલા સંગઠનનાં સક્રિય કાર્યકર્તા શ્રીમતિ શાલીનીબહેન મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં. એમણે એઈડ્સનો ઉદ્‌ભવ અને વિસ્તરણ, તેના કારણો અને ઉપાયો, સાવચેતીના કયા પગલા લઈ શકાય અંગે માહિતી પુરી પાડી હતી.

➢ **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે થેલેસેમિયા પ્રીવેન્સન પ્રોગ્રામ અમદાવાદના ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી યોજવામાં આવ્યો. જેમાં પ્રથમ વર્ષના ૨૬૦ વિદ્યાર્થીઓએ થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હતો.

➢ **સેમકોમ** કોલેજની મધ્યસ્થ સમિતિ તથા સુરજબેન ગોવિંદભાઈ પટેલ આયુર્વેદિક કોલેજના ડોકટરોની ટીમના સંયુક્ત ઉપક્રમે સુંદરા ગામ, તાલુકો તારાપુર ખાતે આયુર્વેદિક મેડીકલ કેમ્પનું આયોજન કર્યું હતું. છ વિદ્યાર્થીઓની ટુકડીએ એમાં ભાગ લીધો હતો. આ કેમ્પમાં આંખોના દર્દ, શર્દી, ઉધરસ, તાવ, શારીરિક નબળાઈ વગેરેની દવાઓ લગભગ ૨૫૦ દર્દીઓને વિના મૂલ્યે આપવામાં આવી હતી.

આ મેડિકલ કેમ્પમાં સુરજબેન ગોવિંદભાઈ પટેલ આયુર્વેદીક કોલેજના ડોકટરો સર્વશ્રી ડૉ. અજીતસિંહ ગોહેલ, ડૉ. હેમંત ચુડાસમા તથા ડૉ. ચિત્રાએ પોતાની સેવા વિનામૂલ્યે આપી હતી.

➢ **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**, આણંદ દ્વારા ચરોતર રત્ન શ્રી ડૉ. રમણિકલાલ દોશી હેલ્થકેર સેન્ટરના ઉપક્રમે, ઉપક્રમે, વિદ્યાર્થીઓના માનસિક વિકાસની સાથે સાથે શારીરિક વિકાસ દ્વારા તેમનું ખરુ વ્યક્તિત્વ ખીલી ઉઠે અને જીવનમાં તંદુરસ્તીના મહત્વથી આજની યુવા પેઢી જાગૃત થાય તેવા આશયથી ચરોતરની ખ્યાતનામ શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદનો સહયોગ કેળવી નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા કોલેજના બી. કોમ., બી.બી.એ., બી.સી.એ. અને બી.બી.એ. (આઈ. ટી. એમ.)ના વિદ્યાર્થીઓનું શારીરિક સ્વાસ્થ્ય ચકાસણી સપ્તાહ યોજ્યું હતું.

આ શારીરિક સ્વસ્થ્ય ચકાસણી સપ્તાહ દરમ્યાન વિદ્યાર્થીઓનું જનરલ બોડી ચેક-અપ ઈ.એન.ટી. નિષ્ણાંતો દ્વારા આંખ, ગળા, કાનની તપાસ, ચર્મરોગ નિષ્ણાતો દ્વારા ચકાસણી અને વિદ્યાર્થીનીઓ માટે સ્ત્રી રોગ નિષ્ણાંત તબીબોની સેવા ઉપલબ્ધ કરવામાં આવી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૯-૯-૨૦૦૭ના રોજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ નિદર્શન ભાઈકાકા હોલમાં રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટુકડીના ઈન્ચાર્જ વિનોદ ઓસ્વાલજી તથા એમ. એસ. ડબલ્યુના નિયામક શ્રી અગ્રવાલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વકતા શ્રી વિનોદભાઈએ દેશમાં આવતી આફતો તથા તેના બે પ્રકારો વિશે સમજ આપી. તેમણે જણાવ્યું કે આફતો બે પ્રકારની હોય છેઃ (૧) કુદરતી આફતો (૨) માનવસર્જીત આફતો. કુદરતી આફતોમાં ધરતીકંપ, પૂર, વાવાઝોડું વગેરે ગણાવી શકાય તથા ઝેરીવાયુ ગળતર, વિસ્ફોટ, ગેસ, ગળતર, રેલ, અકસ્માત, પ્લેન, અકસ્માત વગેરે માનવસર્જિત આફતો છે. તો આ આફતોમાં માણસે પોતાની જાતને સુરક્ષિત રાખવા માટે કયા ઉપાયો કરવા જોઈએ તે અંગેની સમજ આપી. કાર્યક્રમમાં ધરતીકંપ, પૂર, વાવાઝોડું, કેમીકલ આફતો આ ઉપરાંત હાર્ટએટેક વખતે તથા પાણીમાં ડૂબેલાં વ્યક્તિને કેવી રીતે બચાવવો તે અંગેનું નિદર્શન કરવામાં આવ્યું. જ્યારે વ્યક્તિ મકાનના ચોથા કે પાંચમામાં માળે બેભાન અવસ્થામાં હોય ત્યારે તેને નીચે લાવવા માટેની પદ્ધતિ પ્રયોગ દ્વારા બતાવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી સંસદના ઉપાધ્યક્ષ ડૉ. પી. કે. યાજ્ઞિકે કર્યું હતું.

➢ **બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયનું ગૌરવ**

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પાટણ ખાતે યોજયેલ પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત સ્પર્ધામાં વ્યાસ ચંદ્રાર્ક ડી. એ કંઠ્યગાન સ્પર્ધામાં દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત કર્યું છે. અભિનંદન !

➢ **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**ના ઉત્તરસંડા જૂથ દ્વારા ભારત હાઈસ્કૂલ, ઉત્તરસંડા ખાતે ધો.૧૦ અને ધો.૧૨ પાસ પછી મળતા વિવિધ અભ્યાસક્રમોને ધ્યાનમાં રાખી વ્યાવસાયિક માર્ગદર્શન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન ઉત્તરસંડા કેળવણી મંડળના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ પટેલ તથા પૂર્વ પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ પટેલ તથા આચાર્ય શ્રી અનિલભાઈ પટેલે કર્યું હતું.

આ પ્રદર્શનમાં એન્જિનિયરિંગ-ડિપ્લોમાના વિવિધ કોર્ષ, ડિગ્રીના વિવિધ કોર્ષ, એરહોસ્ટેસ, પાયલોટ, ગૃહઉદ્યોગો, આઈ. ટી. આઈ.ના વિવિધ કોર્ષ, ફાર્મસી કોર્ષ તથા ડોકટરી અભ્યાસક્રમો, નૌસેના, એરફોર્સમાંના વિવિધ અભ્યાસક્રમો વગેરેની માહિતી અને તે અભ્યાસક્રમના લાભ, નોકરીની તકોનો સમગ્ર ખ્યાલ આપવામાં આવ્યો હતો. તથા ધો.૧૦ અને ધો.૧૨ પછી વિદ્યાર્થીઓ કયા ક્ષેત્રો વિશેષ પસંદ કરી શકાય તે માટે પ્રા. ઊષાબેન શારડા તથા તાલીમાર્થી મિત્રોએ ચર્ચા કરી હતી.

આ પ્રસંગે વિજ્ઞાન અધ્યાપન, ગણિત ટેક્નોલોજી, ક્રાંતિકારો, સાહિત્ય કેળવણીકારો, વિવિધ સામાયિકો વગેરે પુસ્તકોનુ પ્રદર્શન પણ યોજવામાં આવ્યુ હતું.

વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન અભ્યાસક્રમ અતિરિકત બે પુસ્તકો વાંચવાનો સંકલ્પ કર્યો હતો.

➢ **આણંદ એજ્યુકેશન કોલેજ**માં બીજી ઓકટોબર ગાંધી-જયંતિ નિમિત્તે લાંભવેલના 'આનંદધામ' - વૃદ્ધાશ્રમની મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાનો સર્વ પરિવાર જોડાયો હતો.

તાલીમાર્થી અસ્મા પટેલે 'ગાંધીજીના જીવનકવન' વિષય પર, રોમા મેકવાને 'ગાંધીજીના બાળપણના પ્રસંગો', નૃપા પટેલે 'ગાંધીજીના પ્રસંગો', સંધ્યા પટેલે 'મોહનથી મહાત્મા સુધીની ગાંધીજીની જીવનયાત્રા' વિષયો પર પ્રવચન રજૂ કર્યા હતાં.

તાલીમાર્થી સંધ્યાએ ગીત, તાલીમાર્થી હીના, દક્ષા, ક્રિમિશા એ 'ગાંધીજીના પાઠ', કાવ્ય પઠન તાલીમાર્થી પ્રવીણા, નીતા એ દેશભક્તિ ગીત 'દે દી હમે આઝાદી...' તાલીમાર્થી જ્યોત્સના પરમારે 'ગાંધી બાપુ થાવું...' ગીત તાલીમાર્થી હિમલતા અને સંધ્યા એ 'મારું વતન...' ગીત, તાલીમાર્થી કોમલ ગોંડલિયા તથા નેહા પટેલે કાવ્યપઠન 'બાપુના બે બોલ', તાલીમાર્થી સૈયત નુસરતે કાવ્યપઠન અને તાલીમાર્થી અરુણા ગોસ્વામીએ 'આ અમારો દેશ...' ગીત રજૂઆત કરી હતી.

ઈતિહાસ વિભાગની તાલીમાર્થીઓએ માઈમ તથા દાંડીયાત્રા રજૂ કરતું નાટક ભજવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. આર. પી. પટેલે તાલીમાર્થીઓએ ગાંધીજીને કેન્દ્રમાં રાખી જે કાર્યક્રમો રજૂ કર્યા તે બદલ અભિનંદન પાઠવ્યા.

➢ **સરદાર પટેલ આર્ટ્સ તથા કોમર્સ કોલેજ** દ્વારા ગાંધીજીના ૧૩૮માં જન્મ દિવસે 'વિશ્વ અહિંસા દિન'ની ઉજવણીના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. સૌ પ્રથમ આણંદ આર્ટ્સ કોલેજના અનુસ્નાતક વિભાગના માનદ્ નિયામક શ્રી ડૉ. આર. પી. પટેલે વિદ્યાર્થીઓને 'મેરે સપનો કા ભારત'ની પ્રતિજ્ઞા કરાવી હતી. આ પ્રસંગે ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર તથા સુતરની આંટી અર્પણ કર્યા બાદ ગાંધીજીના જીવનનું દર્શન કરાવતુ પ્રદર્શન 'એવા ગાંધી ગુજરાતે ઉતર્યા રે...' તથા 'ગાંધીજીનો અક્ષરદેહ' પુસ્તકોનો સંગ્રહ તથા જીવન ચરિત્રના પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજીના અનેક પાસાંઓ ઉપર તથા જીવન ઉપર ચર્ચા સભા,

એકાંકી નાટક, માઈમ, એક પાત્રીય અભિનય 'મહામાનવ ગાંધી' - વિષય ઉપર નિબંધ સ્પર્ધા વગેરેનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં બીજી ઓક્ટોબર - ગાંધી જયંતિ નિમિત્તે આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. યુ. પટેલ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે આજના સમયમાં સમાન મૂલ્યોને સ્થાપવાની જરૂર છે અને તે માટે 'મારું જીવન એ જ મારો સંદેશ' કહેનાર ગાંધીજીનું મૂલ્ય સ્તર સમજવાની જરૂર તથા શિક્ષક તરીકે વ્યવહાર - વર્તનમાં લાવવાની જરૂર છે તથા 'સત્યના પ્રયોગો' પુસ્તક વાંચવાની હિમાયત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ અને સરદાર પટેલ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના પૂર્વઅધ્યક્ષશ્રી ડૉ. હરબન્સભાઈ પટેલે 'ગાંધી ગુણ દર્શન' વિષય પર વિચારો રજુ કરતાં જણાવ્યું હતુ કે ભારતની સત્તાનું કેન્દ્ર એ ગાંધીજી છે. તેમણે દરેક પ્રવૃત્તિમાં સ્ત્રીઓ આગળ આવે તે માટે ગાંધીજીએ કરેલા કાર્યોની વાત કરી પ્રશિક્ષણાર્થીઓને લખવા માટે, વાંચવા માટે પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે તાલીમાર્થીઓએ ૧૦૦ ભીંતપત્રો જુદા જુદા વિષયના તથા ગાંધીજીના જીવનની ઝાંખી પ્રસ્તુત કરતું પ્રદર્શન ગોઠવ્યું હતું. આ પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે ડૉ. જે.બી. પટેલ, ડૉ. ધીરજભાઈ પરમાર તથા પ્રા. ઉષાબેન શારડાએ કાર્ય કર્યુ હતું. તેમાં પ્રથમ ક્રમે સોલંકી ધવલ કે., દ્વિતીય ક્રમે ચૌધરી ધીરુભાઈ ડી. તથા તૃતીય ક્રમે ચૌધરી પાયલ તથા મહિડા પ્રદ્યુનસિંહ આવ્યાં હતાં.

આ પ્રસંગે વિદ્યાર્થીઓના વિચારોની અભિવ્યક્તિમાં પ્રથમ ક્રમે પ્રદ્યુનસિંહ મહિડા અને દ્વિતીય ક્રમે જયેશભાઈ પટેલ આવ્યા હતાં. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. લક્ષ્મણભાઈ બલાત તથા પ્રા. જયશ્રીબેન દીક્ષિતે સેવા આપી હતી. આ પ્રસંગે ગાંધીજીના ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' તથા તાલીમાર્થી ભાઈ બહેનો દ્વારા ગીતો રજૂ કર્યા હતાં.

અંતે આભારવિધિ વર્મા મિતેષે કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પટેલ અવધૂતા અને ગોહેલ ગોપાલે ગર્યું હતું.

➤ **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્ક** દ્વારા આંતરરાષ્ટ્રીય અહિંસા દિનની ઉજવણી સર્વધર્મ પ્રાર્થનાના આયોજન દ્વારા કરી હતી.

➤ **આણંદ એજ્યુકેશન કોલેજ તથા આણંદ આર્ટ્સ કોલેજ**ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧-૧૦-૨૦૦૭ ને મંગળવારના રોજ આણંદ આર્ટ્સ કોલેજની લાયબ્રેરીમાં ગાંધીજીના જીવન સંઘર્ષ દર્શાવતા પુસ્તકો તથા ચાર્ટ વિશેના પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો.

➤ **આણંદ કોમર્સ કોલેજ**માં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ કારોબારીની રચના

આણંદ કોમર્સ કોલેજમાં આણંદ કોમર્સ કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘની એક સભા મળી હતી. તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘના હેતુઓ બંધારણ વિગેરેની ચર્ચા કરી હતી. કોલેજના વિકાસમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના યોગદાનનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થી સંઘના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

➤ **સેમકોમ કોલેજ**માં વાલી-અધ્યાપક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું

સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં વિદ્યાર્થી વાલી અધ્યાપક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીગમાં બીબીએ, બીસીએ, બીકોમના ત્રણેય વર્ષના તથા બીબીએ આઈટીએમના વિદ્યાર્થીઓ તથા વાલીઓ સાથે આ મુલાકાતનું આયોજન અગાઉથી નક્કી કરી તે તેમને પત્રો દ્વારા જણાવવામાં આવે છે.ગુજરાત રાજ્ય બહાર રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ વગેરેથી પણ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોલેજ દ્વારા દરેક વિદ્યાર્થીની એક વ્યક્તિગત ફાઈલ બનાવી તેની અભ્યાસની, પ્રગતિની તથા વ્યક્તિગત વિકાસની નોંધ રાખવામાં આવે છે. અધ્યાપકો દ્વારા નિયમિત રીતે વિદ્યાર્થીઓનું કાઉન્સીલીંગ પણ કરવામાં આવતું હોય છે. આવી મિટિંગ દરમ્યાન માબાપનો અનુભવ રહ્યો છે કે વિદ્યાર્થી, વાલી અને અધ્યાપકના સંયુક્ત પ્રયત્નો દ્વારા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે આ જે પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે તે સફળ થઈ રહ્યો છે.

સમગ્ર કાર્યક્રમ માટે દરેક વર્ગના વર્ગશિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલું અંગત માહિતી ફોર્મ, આંતરિક કસોટીના પરિણામો તથા વિદ્યાર્થીનો હાજરી રેકોર્ડ તથા વિદ્યાર્થીની વિશિષ્ટ સિદ્ધિની નોંધ વાલીને જણાવવામાં આવે છે. વાલીઓ રસપૂર્વક દરેક વિષયના અધ્યાપકને મળીને વિદ્યાર્થીને વધુ સારુ પરિણામ મેળવવાની સમજણ કેળવે છે.

➤ **સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ,** આણંદ દ્વારા બી.સી.એ એન્ડ બી.બી.એ. (આઈ.ટી.એમ.)નું વાલી સંમેલન તા. ૧-૧૨-૨૦૦૭ને શનિવારના રોજ કોલેજના સેમિનાર હોલમાં યોજવામાં આવ્યં હતું.

